◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED24 NEWS
हर ख़बर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

તેજ़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU | નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર | 24 November 2026

LOCAL

અમદાવાદ: કાર્યક્રમનું મહાકાય બોર્ડ માથા પર પડતા સિક્યુરિટી ગાર્ડનું મોત, સાયન્સ સિટીમાં બેદરકારીએ લીધો ભોગ



અમદાવાદમાં બોર્ડ પડતા નીચેથી પસાર થઈ રહેલા સિક્યુરિટી ગાર્ડના મોતની ઘટના સામે આવી છે. સાયન્સ સિટી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે એક ફેરનું આયોજન કરવામાં આવેલું હતું. જેના બેનરો અને બોર્ડ લગાવવામાં આવ્યા હતા. ત્યારે સોમવારે (23 નવેમ્બર) એક સિક્યુરિટી ગાર્ડ પર મહાકાય બોર્ડ પડતા ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે.

કાર્યક્રમનું મહાકાય બોર્ડ માથા પર પડતા સિક્યુરિટી ગાર્ડનું મોત

સાયન્સ સિટીના વિજ્ઞાન ભવનમાં 22 થી 24 નવેમ્બર દરમિયાન 'IRIS નેશનલ ફેર 2026'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ આવ્યા હોવાથી વિજ્ઞાન ભવન પાસે બોર્ડ અને બેનરો લગાવવામાં આવ્યા હતા. સોમવારે બપોરે 2 વાગ્યાના અરસામાં ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ ત્યાંથીપસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક લગાવેલું બોર્ડ તેમના પર પડ્યું હતું, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્ત સિક્યુરિટી ગાર્ડનું સારવાર દરમિયાન મોત

ઘટનાને પગલે આસપાસ હાજર અન્ય સિક્યુરિટી ગાર્ડ અને લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. તેઓએ ભેગા થઈને ભારેખમ બોર્ડ હટાવીને ઈજાગ્રસ્ત ગાર્ડને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પોલીસે અકસ્માતે મોતનું ગુનો નોંધી તપાસ હાથ ધરી

આ અંગે બોડકદેવ પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું કે, મૃતક સિક્યુરિટી ગાર્ડ નરોડા વિસ્તારના રહેવાસી રવિન્દ્ર પાટીલ (ઉં.વ. 46) હોવાનું સામે આવ્યું છે. હાલમાં આ બનાવ સંદર્ભે વધુ વિગતો મેળવવાની કામગીરી ચાલી રહી છે, જ્યારે પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

અમદાવાદ: પોક્સોના 2 અલગ-અલગ કેસમાં દોષિતને 20 વર્ષની સજા, કોર્ટની ટકોર- 'સગીરાની સંમતિ કાયદેસર ગણાતી નથી'



અમદાવાદના શાહીબાગ અને મેઘાણીનગર પોલીસ મથકે 21 વર્ષીય આરોપી હરેશ પટણી સામે પોક્સો અને IPCની કલમો અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ એન.એચ.વસવેલિયાએ આરોપીને 20 વર્ષ સખત કેદની સજા ફટકારવાનો આદેશ કર્યો છે.પ્રથમ કેસમાં આરોપી સામે શાહીબાગ પોલીસ મથકે વર્ષ 2022 માં ફરિયાદ નોધાઇ હતી. ફરિયાદ મુજબ, 24 મે, 2022ના રોજ ભોગ બનનાર 13 વર્ષ અને 10 મહિનાની સગીરા ઘરેથી જમવાનું લેવા જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી ન હતી. આ અંગે ભોગ બનનારની માતાએ તારીખ 04 જૂન ,2022 ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ દરમિયાન તારીખ 22 જૂન, 2022ના રોજ સગીરા મળી આવી હતી અને તારીખ 6 જુલાઈ, 2022ના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી સામે સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવા અને રાજકોટ તથા સુરેન્દ્રનગર સહિતના વિવિધ સ્થળોએ લઈ જઈ એકથી વધુ વખત દુષ્કર્મ આચરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કોર્ટમાં જુબાની દરમિયાન ભોગ બનનારે સ્વીકાર્યું હતું કે, તે પોતાની મરજીથી ઘરેથી નીકળી હતી, આરોપી સાથે પ્રેમસંબંધ હતો અને તેની સંમતિથી શારીરિક સંબંધ બંધાયા હતા. જો કે, કોર્ટે ઠરાવ્યું હતું કે કાયદા મુજબ 18 વર્ષથી ઓછી ઉંમરની સગીરાની સંમતિ કાયદેસર ગણાતી નથી. તેથી પ્રેમસંબંધ કે સંમતિનો બચાવ આરોપીને ગુનામાંથી મુક્ત કરી શકે નહીં.

રાત્રે લારી મૂકવા ગઈ ને ઘરે પરત ન ફરી સગીરા

બીજા કેસમાં આરોપી સામે વર્ષ 2022માં મેઘાણીનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. જે મુજબ તારીખ 24 જૂન ,2022ના રોજ રાત્રે ભોગ બનનાર 13 વર્ષ અને 11 મહિનાની સગીરા લારી મૂકવા માટે નજીકની એક સ્કૂલ પાસે ગઈ હતી અને ત્યારબાદ પરત ફરી ન હતી. આ અંગે સગીરાની માતાએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં 4 જુલાઈ, 2022ના રોજ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું કે, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હતો અને સગીરા પોતાની મરજીથી ઘરેથી નીકળી મહેસાણા ગઈ હતી, જ્યાંથી તેણે આરોપીને બોલાવ્યો હતો. ત્યારબાદ બંને રાજકોટ, સુરેન્દ્રનગર, પાટણ અને પાલનપુર જેવા સ્થળોએ રોકાયા હતા, જ્યાં આરોપીએ સગીરા સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યો હતો.તબીબી તપાસમાં ભોગ બનનારને 6 અઠવાડિયાનો ગર્ભ હોવાનું જણાયું હતું. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ સગીરાનો ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. ગર્ભપાત બાદ લેવામાં આવેલા ગર્ભના નમૂના, ભોગ બનનાર અને આરોપીના લોહીના નમૂનાઓના DNA પરીક્ષણમાં વૈજ્ઞાનિક રીતે સાબિત થયું હતું કે આરોપી અને ભોગ બનનાર જ તે ગર્ભના જૈવિક માતા-પિતા છે.

કોર્ટની ટકોર- 'સગીરાની સંમતિ કાયદેસર ગણાતી નથી'

કોર્ટે નોંધ્યું હતું કે, ભોગ બનનાર સગીરા જુબાની દરમિયાન હોસ્ટાઈલ જાહેર થઈ હતી અને તેણે આરોપી સાથે પ્રેમસંબંધ હોવાનું તથા પોતાની મરજીથી ગઈ હોવાનું જણાવ્યું હતું. જો કે, કોર્ટે ઠરાવ્યું કે કાયદાની નજરમાં સગીરની સંમતિનું કોઈ મહત્ત્વ નથી, તેથી સગીરા સાથે બાંધવામાં આવેલો શારીરિક સંબંધ દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગંભીર ગુનો ગણાય છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

સાવરકુંડલામાં યોજાયેલ સ્નેહ મિલન કાર્યક્રમ માં ધારાસભ્ય મહેશભાઇ કસવાળા ખીલ્યાં



અમરેલી : "સાવરકુંડલા મા ગઈ કાલે યોજાયેલ સ્નેહ મિલન કાર્યક્રમ મા ધારાસભ્ય મહેશ કસવાળા ખીલ્યા. મહેશ કસવાળા નું સૂચક નિવેદન

મહેશ કસવાળા એ કહ્યું હતું કે સાવરકુંડલા જિલ્લો ન બને તો કાંઈ નહીં, પણ અમરેલીથી ઉતરતું ન રહેવું જોઈએ અમરેલી ને પૈસા કદાચ વધારે આપ્યા હોય ." પણ સાવરકુંડલા તેમાં ઉતરતું પણ નુ રહેવું જોઈ -

'સૂરજનું કિરણ પડે તે પહેલાં સહી કર, નહીંતર...' — સરદાર સાહેબની ગર્જના યાદ કરી વક્તાએ સભા ગજવી!

એક જ પક્ષના બે ધારાસભ્યોના વિસ્તાર વચ્ચે 'હરીફાઈ'ની વાત ની તેજ ચર્ચા.

સ્ટેજ પરથી મહેશ કસવાળાએ સંભળાવી હૈદરાબાદના નિઝામને સરદાર સાહેબની ચેતવણી

દુનિયાને દંડાથી નહીં પણ પ્રેમથી જીતી શકાય છે.

સાવરકુંડલામાં BJP સ્નેહમિલનમાં MLA મહેશ કસવાળાનું નિવેદન.

અમરેલી અને સાવરકુંડલા વિધાનસભા સભાં ને લઇ ને નિવેદન હાલ ચર્ચા મા આવ્યું.

હાલ કસવાળા નો વિડિઓ સોશયલ મીડિયા મા થયો વાઇરલ.

— Hanif Katiyar

LOCAL

ભાવનગર: ભંગારની વસ્તુઓ તોડતી વખતે સ્પ્રેની બોટલમાં બ્લાસ્ટ, 3થી વધુ બાળકો સહિત એક જ પરિવારના 8 સભ્યો દાઝ્યા



ભાવનગરના કુંભારવાડામાં ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. સોમવારે(23 નવેમ્બર) શહેરના મહાલક્ષ્મી મિલની ચાલી વિસ્તારમાં અલંગના સ્પ્રે તોડતી વખતે બ્લાસ્ટ થયો હતો. આ બનાવમાં આગ લાગવાથી એક જ પરિવારના 8 સભ્યો દાઝ્યા હતા.

ભંગારની વસ્તુઓ તોડતી વખતે સ્પ્રેની બોટલમાં બ્લાસ્ટ

મળતી માહિતી મુજબ, ભંગારનો વ્યવસાય કરતો પરિવાર ભંગારમાં આવેલી સ્પ્રેની બોટલ તોડવાનું કામ કરી રહ્યો હતો, ત્યારે અચાનક સ્પ્રેની બોટલમાં બ્લાસ્ટ થતા દુર્ઘટના સર્જાઈ હતી. સ્પ્રેની બોટલમાં બ્લાસ્ટ થતાં આગ ભભૂકી હતી. જેમાં એકાએક આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બાળકો-મહિલા સહિત એક જ પરિવારના 8 સભ્યો આગની ઝપેટમાં આવી ગયા હતા.

3થી વધુ બાળકો સહિત એક જ પરિવારના 8 આ દુર્ઘટનામાં કેટલાક લોકોને ગંભીર ઈજા પહોંચી છે. બનાવમાં ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફરતે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

— sutariya kalpeshbhai haribhai, Bhavnagar

CRIME

એસ.ટી.બસમાં રૂ.1.45 લાખનો વિદેશી દારૂ લઈ જવાના કેસમાં બસ ડ્રાઈવરની જામીન અરજી નામંજૂર



કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં એસ.ટી. બસ મારફતે વિદેશી દારૂની હેરાફેરી કરતા ઝડપાયેલા બસ ડ્રાઈવરની જામીન અરજી જામનગરની સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. આરોપી પાસેથી રૂ.1,45,600ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની 620 બોટલો મળી આવી હતી. ગુનાની ગંભીરતા, દારૂનો મોટો જથ્થો તથા તપાસ પ્રાથમિક તબક્કામાં હોવાની બાબતોને ધ્યાને લઈ અદાલતે આરોપીને જામીન આપવાનો ઇનકાર કર્યો છે.

એસ.ટી.બસમાં રૂ.1.45 લાખનો વિદેશી દારૂ લઈ જવાના કેસમાં બસ ડ્રાઈવરની જામીન અરજી નામંજૂર



કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં એસ.ટી. બસ મારફતે વિદેશી દારૂની હેરાફેરી કરતા ઝડપાયેલા બસ ડ્રાઈવરની જામીન અરજી જામનગરની સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. આરોપી પાસેથી રૂ.1,45,600ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની 620 બોટલો મળી આવી હતી. ગુનાની ગંભીરતા, દારૂનો મોટો જથ્થો તથા તપાસ પ્રાથમિક તબક્કામાં હોવાની બાબતોને ધ્યાને લઈ અદાલતે આરોપીને જામીન આપવાનો ઇનકાર કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આરોપી રાજેશકુમાર ઉર્ફે પાકો ભીમસિંહ પટેલિયા (ઉંમર 44, રહે. ડાંગરીયા, તા. મોરવા હડફ, જિ. પંચમહાલ) સરકારી કર્મચારી તરીકે એસ.ટી. બસના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પોતાના કબજાની એસ.ટી. બસ નંબર જીજે-18-ઝેડટી-2943માં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 620 બોટલો, જેની કિંમત રૂ.1,45,600 થાય છે, તેની હેરાફેરી કરતા ઝડપાયા હતા. આ બનાવ અંગે કાલાવડ (ગ્રામ્ય) પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ 65(એ)(ઈ) તથા 116(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેણે જામનગરની સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી. આ જામીન અરજીનો રાજ્ય સરકાર તરફથી વિરોધ કરતાં જિલ્લા સરકારી વકીલે અદાલતમાં રજૂઆત કરી હતી કે આરોપી પાસેથી મોટી માત્રામાં પ્રતિબંધિત વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે અને ગુનાની તપાસ હજુ પ્રાથમિક તબક્કામાં ચાલી રહી છે. આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો સમાજ પર વિપરીત અસર પડી શકે તેમ છે તેમજ આવી પ્રવૃત્તિ ફરી આચરવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

ગુજરાતમાં દારૂબંધી અમલમાં હોવા છતાં સરકારી કર્મચારી દ્વારા જ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવાના આક્ષેપને ગંભીરતાથી લઈ આરોપીને જામીન પર મુક્ત ન કરવા જોઈએ તેવી દલીલ સરકારી પક્ષે રજૂ કરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ત્રીજા એડિશનલ સેશન્સ જજે નોંધ્યું હતું કે આરોપી સરકારી કર્મચારી હોવા છતાં કાયદાનું પાલન કરવાને બદલે ગેરકાયદેસર દારૂની હેરાફેરી જેવી પ્રવૃત્તિમાં સંડોવાયેલો હોવાનું પ્રથમદર્શી રીતે જણાય છે. દારૂનો મોટો જથ્થો અને ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અદાલતે સરકારી પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

— sutariya kalpeshbhai haribhai, Surat

CRIME

જામનગરમાં રૂ.2.36 લાખના ગાંજા સાથે 2 મહિલાઓ ઝડપાઈ, પોલીસ પર પથ્થરમારો કરી 2 યુવક ફરાર



વિસ્તારમાં રહેતા હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

આ મામલે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધાયો છે.

બંને મહિલા આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

બંને મહિલા આરોપીઓને અદાલત સમક્ષ રજૂ કરી રિમાન્ડની માંગણી કરતાં કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે તેનાજ બે ભાઈઓ કે જેને શોધવા માટે નાઈટ કોમ્બિન્ગ હાથ ધર્યું હતું. જોકે, બંને આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી તેઓની શોધખોળ ચલાવવામાં આવી રહી છે અને પોલીસ દ્વારા બંનેના ફોટા રિલીઝ કરીને અન્ય જિલ્લાઓમાં પણ તેઓને શોધવા માટેની કવાયત હાથ ધરી છે

Surat

CRIME

અમરેલીના બાબરા શહેરમાં પરિવારના ત્રણ સભ્યોની હત્યા, પોલીસ તપાસ શરૂ



અમરેલી જિલ્લામાં બાબરા શહેરની ખોજા શેરીમાં બંધ મકાનમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. પ્રાથમિક અહેવાલો મુજબ, તેણીની હત્યા થયેલી શક્યતા છે.

સાથે જ, મહિલાના પતિ અને પુત્રને અન્ય સ્થળે મૃત્યુ પામ્યા હોવાનું જાણવામાં આવ્યું છે. આ ત્રણ મૃત્યુ એક જ પરિવારની છે, જે સ્થાનિક લોકોમાં શોક અને અફરાતફર પેદા કરે છે.

પોલીસ તાત્કાલિક તપાસ શરૂ કરી છે. ઘટનાની ચોક્કસ કારણો અને સંબંધિત વિગતોની પુષ્ટિ માટે તપાસ ચાલુ છે.

પરિવારજનો અને રહેવાસીઓએ પોલીસને સહકાર આપતા, સુરક્ષા અને ન્યાયની અપેક્ષા વ્યક્ત કરી છે.

— Rangpara Shaileshbhai

LOCAL

હિંમતનગર આરટીઓ સર્કલમાં જાહેર શૌચાલયની અછત: નાગરિકો અને વાહનચાલકોની ફરિયાદ..



સાબરકાંઠાના-:

હિંમતનગર આરટીઓ સર્કલની આજુબાજુ જાહેર શૌચાલયની અછતથી હજારો નાગરિકો,વાહનચાલકો અને ટ્રક ચાલકોને મુશ્કેલી પડી રહી છે.સર્કલ ધમધમતા વિસ્તારમાં જાહેર પરિવહન,ટ્રક પાર્કિંગ અને ચાર રસ્તા હોવા છતાં સુવિધાનો અભાવ કેમ? આ પ્રશ્નો ઉઠી રહ્યા છે..

નાગરિકો પૂછે છે કે સરકાર ટેક્સના નાણાંથી આ સુવિધા ક્યારે બનાવશે. આરટીઓ સર્કલની આજુબાજુ જાહેર શૌચાલયની જરૂરિયાતને લઈને સ્થાનિક અધિકારીઓને જવાબદારી લેવાની અપેક્ષા છે.વિવિધ વિસ્તારોમાંથી આરટીઓના કામ માટે આવતા લોકોની સુવિધાનો વિચાર કોણ કરશે? આ પ્રશ્નો સ્થાનિક સ્તરે ચર્ચા થઈ રહ્યા છે.

— એસ એ શિરોયા

LOCAL

એક તરફ નાગરિકો ગટર અને ગંદા પાણીની ગંભીર સમસ્યાથી પરેશાન થઈ પોતાની રજૂઆત કરવા નગરપાલિકા પહોંચે છે, ત્યારે બીજી તરફ અધિકારીઓ આરામથી ખુરશી પર બેઠેલા જોવા મળે છે. એટલું જ નહીં, કોર્પોરેટરના પતિ પણ ટેબલ પર બેઠેલા જોવા મળે છે.



એક તરફ નાગરિકો ગટર અને ગંદા પાણીની ગંભીર સમસ્યાથી પરેશાન થઈ પોતાની રજૂઆત કરવા નગરપાલિકા પહોંચે છે, ત્યારે બીજી તરફ અધિકારીઓ આરામથી ખુરશી પર બેઠેલા જોવા મળે છે. એટલું જ નહીં, કોર્પોરેટરના પતિ પણ ટેબલ પર બેઠેલા જોવા મળે છે.

— Chauhan Sahdevsinh Balvantsinh

મોડાસા હોસ્પિટલ ગોડાઉનમાં ચોરી અટકાવી,145 વાયર અને 4 સ્ટ્રીટ લાઇટ્સની ચોરી રોકાઈ..



અરવલ્લીમાં-:

15 નવેમ્બર 2026ની રાત્રે 03:10 થી 03:38 વાગ્યાની વચ્ચે મોડાસા શહેરની મોજે નવનિર્માણ સિવિલ હોસ્પિટલના બંધ ગોડાઉનમાં અજાણ્યા ચોરોએ તાળું તોડી ઇલેક્ટ્રિક સામાન ચોરી કરી.ચોરીમાં ગ્રેટ વાઇટ કંપનીના 145 વાયર બંડલ અને 4 સ્ટ્રીટ લાઇટ્સ, કુલ મૂલ્ય રૂ. 8,46,434/- સામેલ હતા.મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર આર.ડી. ચૌધરી અને સબ ઇન્સપેક્ટર સાજીદ એસ. મલેકની ટીમે સ્થળની આસપાસ લગાવેલા ખાનગી અને નેટવર્ક કેમેરાની તપાસ કરી. તપાસમાં ફોરવિલર મહીંદ્રા 500 (RTO નંબર RJ.38.UA.0712) શંકાસ્પદ ગાડી મળી,જે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના બોબસ ગામમાં રહેનારા રાકેશભાઈ ગણેશલાલ કાલબેલીયા ના નામે હતી.

પુછપરછમાં જાણવા મળ્યું કે 15 નવેમ્બરે રાકેશભાઈના જમાઈ અનીલ ગણેશભાઈ કાલબેલીયા મોડાસામાં હોસ્પિટલના કામ માટે આવ્યા હતા.અનીલ અને તેમના મિત્ર અલી અને 16 વર્ષના દીકરા સાથે ભંગાર વેચવાના બહાને ગોડાઉનમાંથી વાયરો ચોરીને તાંબાના તાર કાઢીને રાજસ્થાનના ખેતરમાં સડગાવી દીધા. પોલીસએ આરોપીઓ પાસેથી રૂ. 10,88,000/-ની વસ્તુઓ કબજે કરી અને અનીલ, અલી અને રવિ શંકરભાઈ કાલબેલીયા સામે 2023 ની ન્યાયસહીતા કલમ 331(4), 305(એ) અને 54 હેઠળ ગુનો નંબર 111880092601079/2026 દાખલ કર્યો.પોલીસે બાકી એક આરોપી જે બાળકીશોર છે,તેની પકડ માટે કાર્યવાહી હાથ ધરી છે.પ્રશસનીય કામગીરી કરનાર અધિકારી અને કર્મચારીઓ જેમાં આર ડી ચૌધરી પોલીસ ઇન્સપેક્ટર મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન, સાજીદ એસ મલેક પોલીસ સબ ઇન્સપેક્ટર મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન,ભરતસિંહ માનસિંહ આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન,સતિશકુમાર દીપસિંહ આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન,રાહુલકુમાર અરવિંદભાઇ આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન,રણવીરસિંહ રણજીતસિંહ આસિસ્ટન્ટ પોલીસ કોન્સ્ટેબલ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન,જયદીપસિંહ પ્રવિણસિંહ આસિસ્ટન્ટ પોલીસ કોન્સ્ટેબલ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન,ટેકનીકલ એક્ષપર્ટ-પૃથ્વિપાલસિંહ ભીખુસિંહની પ્રશંસનીય કામગીરીને માન્યતા આપવામાં આવી.

— એસ એ શિરોયા

ગાંધીધામમાં સ્ટર્લિંગ હોસ્પિટલની બેદરકારીનો આક્ષેપ, યુવકનું મોત



ગાંધીધામમાં સ્ટર્લિંગ હોસ્પિટલની બેદરકારીનો આક્ષેપ, યુવકનું મોત ગાંધીધામ જૂની સુંદરપુરીના 24 વર્ષીય જીમ ટ્રેનર ભરત જેઠાભાઈ પાતારિયાનું સ્ટર્લિંગ હોસ્પિટલની બેદરકારીના કારણે મોત થયાનો ગંભીર આરોપ લાગ્યો છે. 17 નવેમ્બરે ખાંસી સાથે લોહી આવતા પરિવારે તેને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ડોક્ટરોએ ફેફસામાં ઈન્ફેક્શન જણાવી એક જ રાતમાં બે ઓપરેશન કર્યા. બાદમાં હાલત ક્રિટિકલ જણાવી રાજકોટ રિફર કર્યા. પરંતુ 3 કલાક સુધી ડિસ્ચાર્જમાં વિલંબ અને એમ્બ્યુલન્સમાં ઓક્સિજન ન મળતા ભરતનું મોત થયું. પરિવાર અને સમાજ દ્વારા વિરોધ રેલી યોજી જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. હોસ્પિટલે હજુ ખુલાસો કર્યો નથી

— Naresh katua

કાર્તિક પૂણી માનો મેળો

સિદ્ધપુર માં કાર્તિક પૂર્ણિમાના મેળામાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને મેળામાં આવતા યાત્રિકો માટે પણ વ્યવસ્થા કરવામાં આવી હતી

— Patel Dharmik Dineshkumar

LOCAL

સાબરકાંઠા, વડાલી ખાતે 45 કરતાં વધુ મુસાફરો ભરેલી જીપ પલટી, કોઈ ગંભીર ઇજા નહીં..



સાબરકાંઠાના-:

વડાલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોડરેલી ભંડવાલ રોડ પર ખાનગી જીપ પલટી,જેમાં 45 થી 50 મુસાફરો સવારી કરી રહ્યા હતા.જિપમાં 7-8 વ્યક્તિઓ માટે જ પરમિટ હોય તેવા નિયમોનું ઉલ્લંઘન કરીને 45 કરતાં વધુ મુસાફરોને ભરવામાં આવ્યા હતા,જેનાથી વાહનનું સંતુલન ખોવાઈ ગયું અને તે પલટી..

સદનસીબે પલટી બાદ કોઈપણ મુસાફરને ગંભીર ઇજા ન થઈ. બધા મુસાફરોને તાત્કાલિક હોસ્પિટલમાં તપાસ માટે મોકલવામાં આવ્યા, પરંતુ તેમની સ્થિતિ સ્થિર જણાઈ.વડાલી ટ્રાફિક પોલીસને આ ઘટનાની તપાસ માટે અનેક પ્રશ્નોનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે ઇડર, વડાલી અને ખેડબ્રહ્મા જેવા વિસ્તારોમાં આવા ઓવરલોડેડ મુસાફરીના સાધનો સામાન્ય રીતે જોવા મળે છે.

— એસ એ શિરોયા

LOCAL

ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી



ઓખા: ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા સંગઠનને મજબૂત બનાવવાના ભાગરૂપે નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. આ નવી વરણી અંતર્ગત ઓખા શહેર ભાજપના મહામંત્રી તરીકે શ્રી કનૈયાભા માડણભા કેરની નિમણૂક કરવામાં આવી છે.

— RAFIK JUNAS SODHA

HEALTH

ગાંધીધામમાં સ્ટર્લિંગ હોસ્પિટલની બેદરકારીને લઈને 24 વર્ષીય જીમ ટ્રેનરની મૃત્યુ



ગાંધીધામ, જૂની સુંદરપુરી – 24 વર્ષીય જીમ ટ્રેનર ભરત જેઠાભાઈ પાતારીને સ્ટર્લિંગ હોસ્પિટલમાં બેદરકારીના આરોપો હેઠળ મૃત્યુ મળ્યો છે. 17 નવેમ્બરે ખાંસી સાથે લોહી આવતા લક્ષણો દર્શાવતા પરિવારને તેને હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા.

ડોક્ટરો દ્વારા ફેફસામાં ઇન્ફેક્શનની નિદાન સાથે એક જ રાતમાં બે ઓપરેશન કરવામાં આવ્યા. ત્યારબાદ દર્દીની હાલત ક્રિટિકલ જાહેર કરીને રાજકોટમાં રિફર કરવામાં આવી. પરંતુ ડિસ્ચાર્જમાં ત્રણ કલાકનો વિલંબ અને એમ્બ્યુલન્સમાં ઓક્સિજનની અછતને કારણે ભરતનું મૃત્યુ થયું.

પરિવાર અને સ્થાનિક સમુદાયએ તાત્કાલિક વિરોધ રેલી યોજી, હોસ્પિટલના જવાબદારો સામે કડક કાર્યવાહી અને તપાસની માંગ કરી. હાલ સુધી હોસ્પિટલએ કોઈ સ્પષ્ટ નિવેદન આપ્યું નથી

છે, જેથી બેદરકારીના કારણો અને જવાબદારી નિર્ધારિત કરી યોગ્ય કાનૂની પગલાં લેવામાં આવે.

— ODIYAN

LOCAL

મંજુર પર અત્યા ચાર કરતા, મંજુર ને મજીરી દધા વીના કાઢી મુકીયો વાડીમા થી સેઠે

મંજુર પર અત્યા ચાર કરતા, મંજુર ને મજીરી દધા વીના કાઢી મુકીયો વાડીમા થી સેઠે.

આ ઘટના સ્થાનિક સ્તરે ધ્યાન ખેંચી રહી છે અને વિવિધ સ્ત્રોતો દ્વારા તેની પુષ્ટિ થઈ રહી છે.

હાલમાં વધુ વિગતો ઉપલબ્ધ નથી, પરંતુ ઘટનાની તપાસ ચાલુ છે.

— Dangi Pankajkumar Shankarbhai, Bhavnagar

LOCAL

વૌઠા લૌક મેળો આજે શરૂ



વૌઠા ગામમાં પરંપરાગત લૌક મેળો આજથી શરૂ થયો છે, જે સ્થાનિકો માટે મહત્વપૂર્ણ સાંસ્કૃતિક અને સામાજિક સમારોહ તરીકે જાણીતો છે.

મેળામાં વિવિધ હસ્તકલા, ખાદ્યપદાર્થો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જે મુલાકાતીઓમાં ઉત્સાહ અને આનંદ પેદા કરે છે.

મેળાની આકર્ષકતા અને પરંપરાગત મૂલ્યોને કારણે, સ્થાનિક સમુદાય અને પર્યટકો બંનેનું ધ્યાન આ ઇવેન્ટ તરફ ખેંચાયું છે.

— વિજય બેલદાર કોઠ

CRIME

મોડાસાની સિવિલ હોસ્પિટલમાં 8.46 લાખનું ઇલેક્ટ્રિકલ સામાન ચોરી: ચાર તસ્કરો CCTV માં કેદ



મોડાસાની સિવિલ હોસ્પિટલમાં બંધ ગોડાઉનમાં તસ્કરો દ્વારા 8.46 લાખ રૂપિયાનો ઇલેક્ટ્રિકલ સામાન ચોરી લેવામાં આવ્યો. ચોરાયેલા સામાનમાં ગ્રેટ વ્હાઇટ કંપનીના 145 વાયર બંડલ અને 4 સ્ટ્રીટ લાઇટનો સમાવેશ થાય છે.

સવારે 3:10 થી 3:38 વાગ્યાની વચ્ચે CCTV કેમેરામાં ચાર અજાણ્યા શખ્સોને ગોડાઉનના તાળા અને બારીઓ તોડતા કેદ કરવામાં આવ્યા. ફરિયાદમાં જણાવાયું છે કે તેઓ આશરે 25 થી 35 વર્ષના છે.

મોડાસા ટાઉન પોલીસ દ્વારા આ મામલે ફરિયાદ નોંધાઈ છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

— Ranjanben Dharmendrbhai Panchal

પોલીસ અને એએમસીએ ડ્રગ્સ વેચનારાઓની મિલકતો પર બુલડોઝર લગાવી, અમદાવાદમાં ગેરકાયદેસર ઘર તોડી પાડ્યું



આજના દિવસે, નૉ ડ્રગ્સ અમદાવાદ સિટી ઝુંબેશ હેઠળ, પોલીસ અને એએમસીએ આરોપીઓની મિલકતો પર બુલડોઝર લગાવવાનું શરૂ કર્યું છે.

થોડા દિવસો પહેલા, સરખેજ પોલીસે સુનિતા દીપકકુમાર રાઠોડની ડ્રગ્સ અને 53.51 લાખ રૂપિયાની રોકડ સાથે ધરપકડ કરી હતી.

કેસની તપાસ દરમિયાન, માહિતી મળી હતી કે આરોપી મહિલાના ઘરનું બાંધકામ ગેરકાયદેસર હતું. પોલીસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે આ બાબતની તપાસ કરી ત્યારે આ હકીકત સામે આવી.

આ ઘર અને બાજુના ઘરમાં પણ ડ્રગ્સ વેચાતું હોવાથી, પોલીસ અને એએમસીએ બંને ગેરકાયદેસર મિલકતો તોડી પાડી છે. આ કાર્યવાહી કરીને, પોલીસે સીધો સંદેશ આપ્યો છે કે જો ડ્રગ્સ વેચનારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ થશે, તો પોલીસ તેમને રસ્તા પર લાવશે.

— Ranjanben Dharmendrbhai Panchal, Ahmedabad

RELIGION

મંત્રીએ ગિરનાર ગ્રીન ટુરમાં બોરદેવી મંદિરનું દર્શન, ધારાસભ્ય સંજય કોરાડિયા સહભાગી



મંત્રીએ કૌશિક વેકરિયાએ ગિરનાર ગ્રીન ટુરમાં જુનાગઢના પવિત્ર સ્થળ બોરદેવી મંદિરનું ભક્તિભાવપૂર્વક દર્શન કર્યું અને દેવીનું આશીર્વાદ મેળવ્યું.

ધારાસભ્ય સંજય કોરાડિયા પણ આ પ્રસંગમાં હાજર રહ્યા, જેનાથી કાર્યક્રમમાં રાજકીય સહયોગની છાપ દેખાઈ. મુલાકાત લીધી, દાનવીર લોકો સાથે વાતચીત કરી અને ભક્તો સાથે પ્રસાદ પણ સ્વીકાર્યો.

આ મુલાકાત દ્વારા સ્થાનિક સમુદાયમાં ધાર્મિક ઉત્સાહ વધ્યો અને ગિરનાર ગ્રીન ટુરની મહત્વતા પુનઃસ્થાપિત થઈ.

— Ranjanben Dharmendrbhai Panchal

LOCAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડતાલધામમાં કાર્તિકી સમૈયા અને ધોલેરાધામ દ્વિશતાબ્દી મહોત્સવમાં ભાગ લીધો



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડતાલધામ ખાતે કાર્તિકી સમૈયામાં હાજરી આપી અને શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી આશીર્વાદ લીધા.

ધોલેરાધામ દ્વિશતાબ્દી મહોત્સવ માટે આયોજિત સમૈયામાં મંદિરના સંતો દ્વારા મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું.

આ પ્રસંગે, મુખ્યમંત્રી પૂજ્ય શ્યામવલ્લભદાસજી સ્વામી સ્મૃતિ દ્વાર અને શ્રી હરિકૃષ્ણ મહારાજ કુમાર સ્કૂલનું ઈ-ઉદઘાટન પણ કરશે.

— Ranjanben Dharmendrbhai Panchal

LOCAL

સુરતના ₹14.50 લાખના રોકાણ છેતરપિંડીમાં ઇન્દોરના નકલી કોલ સેન્ટરનો પર્દાફાશ



સુરતના ₹14.50 લાખના રોકાણ છેતરપિંડીમાં ઇન્દોરના નકલી કોલ સેન્ટરનો પર્દાફાશ થયો છે. આરોપીઓએ શરૂઆતમાં 'વેલ્થ ટ્રેડિંગ' નામની નકલી એપ દ્વારા નફાનું વચન આપ્યું અને બાદમાં લાખો રૂપિયાની ખંડણી કરીને ગાયબ થઈ જતા હતા. પોલીસે પાંચ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી અને 24 મોબાઈલ ફોન જપ્ત કર્યા. કરીને લગભગ ₹8.22 કરોડના વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ વ્યવહારોમાં રોકાણકારોને નફાની ખાતરી આપવામાં આવી અને પછી ખંડણીની માંગ કરવામાં આવી.

પોલીસે કોલ સેન્ટરનું સ્થાન અને કામગીરીનું સંપૂર્ણ તપાસ કરી છે અને આરોપીઓને કાનૂની કાર્યવાહી માટે તૈયાર કરી રહી છે. આ કેસમાં રોકાણકારોને ચેતવણી આપવામાં આવી રહી છે કે કોઈપણ રોકાણ પહેલા સત્તાવાર ચકાસણી કરવી જોઈએ.

આ ઘટના સ્થાનિક સ્તરે રોકાણ છેતરપિંડી સામે કડક પગલાં લેવાની જરૂરિયાતને દર્શાવે છે અને પોલીસને વધુ સાવચેતી રાખવાની સૂચના આપે છે.

— Ranjanben Dharmendrbhai Panchal, Surat

RELIGION

ઉજ્જૈનમાં વૈકુંઠ ચતુર્દશી પર હરિ-હર મિલન સમારોહ



ઉજ્જૈનમાં વૈકુંઠ ચતુર્દશી ના શુભ અવસર પર હરિ-હર મિલન સમારોહ યોજાયો. સમારોહમાં અનેક ભક્તો ઉપસ્થિત રહીને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લીધો.

સમારોહ મધ્યરાત્રિએ ભગવાન મહાકાલની પાલખી ગોપાલ મંદિરમાં શરૂ થયો, જ્યાં ભક્તો નમન અને પ્રાર્થનાઓમાં લાગેલા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કડક સુરક્ષા વ્યવસ્થા સાથે ભક્તિમય અને શાંતિપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું.

— Ranjanben Dharmendrbhai Panchal, Ujjain

લીલીયા રેલ્વે સ્ટેશન ના વિકાસ કાર્યોના ખર્ચ અને કામગીરી ની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા



અમરેલી બ્રેકિંગ ન્યૂઝ... અને કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા!

લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ આર. ત્રિવેદીએ રેલવે વિભાગ સમક્ષ RTI અરજી કરી પ્લેટફોર્મના બાંધકામ, રિપેરિંગ અને લંબાઈ વધારવાના કામોમાં થયેલા ખર્ચની વિગતો માંગી.

સાથે જ નબળી ગુણવત્તાના કામો અંગે તપાસ થઈ છે કે કેમ અને જવાબદારો સામે શું કાર્યવાહી કરાઈ તેની પણ માહિતી માંગી.

RTIના જવાબ બાદ સમગ્ર મામલે વધુ રજૂઆત કરવાની નીતિનભાઈ ત્રિવેદીએ તૈયારી દર્શાવી છે.

— Hanif Katiyar

DEFENCE

મહેસાણા એરપોર્ટમાં 'વંદે માતરમ' 150મી વર્ષગાંઠ ઉજવણીમાં ભારતીય સેનાનું માઇક્રોલાઇટ વિમાન ઉતર્યું



મહેસાણા, ગુજરાત – 16 નવેમ્બર 2023ના રોજ ભારતીય સેનાનું માઇક્રોલાઇટ વિમાન મહેસાણા એરપોર્ટ પર ઉતર્યું, જે 'વંદે માતરમ'ની 150મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે યોજાયું. વિમાનની ઉતરાણને સ્થાનિક યુવાનોમાં ઉત્સાહ અને ગર્વની લાગણી જોવા મળી.

આ ખાસ હવાઈ યાત્રા બિહારથી શરૂ થઈ હતી અને 3 ડિસેમ્બર સુધી બેંગલોરમાં સમાપ્ત થવાનું નિર્ધારિત છે. યાત્રા દરમિયાન એન.સી.સી. કેડેટ્સને ઉડાન અને સાહસિક પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

યુવાનોમાં દેશભક્તિ અને સૈન્ય પ્રત્યે આકર્ષણ વધારવા માટે આ પહેલનું આયોજન કરવામાં આવ્યું છે, અને ભાગ લેનારાઓએ સેનાની વિવિધ કામગીરીઓ વિશે જાણકારી મેળવી.

વિમાનોની યાત્રા દરમ્યાન વિવિધ શહેરોમાં પ્રદર્શન અને શૈક્ષણિક સત્રો યોજાશે, જે દ્વારા યુવાનોને રાષ્ટ્રીય સુરક્ષા અને સેવા વિશે પ્રેરણા મળશે.

— Ranjanben Dharmendrbhai Panchal

નેપાળના PM બાલેન્દ્ર શાહની ભારત મુલાકાત: 8 કરારો પર સહી, પુનર્નિર્માણ માટે 24 હજાર કરોડની સહાયની જાહેરાત



નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહે ભારતની મુલાકાત દરમિયાન ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત લઈને દ્વિપક્ષીય વાતચીત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

વાતચીત દરમિયાન વેપાર, સુરક્ષા, ઉર્જા અને કનેક્ટિવિટી સહિતના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ સંદર્ભમાં, બંને દેશો વચ્ચે કુલ 8 સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે બંને દેશો વચ્ચેના સહયોગને નવી ઊંચાઈ પ્રદાન કરશે.

આ ઉપરાંત, ભારતે નેપાળમાં આવેલા પૂરના પ્રભાવને ધ્યાનમાં રાખીને પુનર્નિર્માણ કાર્ય માટે 24 હજાર કરોડ નેપાળી રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. આ સહાયથી નેપાળને પૂરપ્રભાવિત વિસ્તારોમાં પુનર્નિર્માણ કાર્યોને વેગ આપવામાં મદદ મળશે.

આ મુલાકાતને ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોને નવી દિશા આપવાની અપેક્ષા છે, જે બંને દેશોના હિતમાં રહેશે.

— Ranjanben Dharmendrbhai Panchal, Ahmedabad